# સંતો – કથાકારો પાસેથી શિક્ષકોએ લેવા જેવી પ્રેરણા

હમણાં થોડા દિવસ પહેલાં મોડી રાત્રે ટી.વી. પર એક સંત કથાકારની કથા સંભાળતો હતો. જેમાં સંત કથાકાર કથામાં ઉદાહરણોની સાથે વિડીયો પણ બતાવતા હતા. કથા સાંભળવાની મજા આવી. ખૂબ જ રસ પડ્યો. ત્યાં મનમાં એકાએક વિચાર આવ્યો કે આ સંત અમારા એટલે કે શિક્ષકો કરતા પણ કેટલા આધુનિક અને એડવાન્સ છે ! કે જેઓ પોતાની કથામાં હજારો વ્યક્તિઓ દિવસે પણ જોઈ શકે એ રીતે વિડીયો બતાવીને શ્રોતાઓને પોતાની વાત સમજાવે છે. વાહ… અદભૂત… માત્ર અદભૂત જ નહિ પણ શિક્ષકો માટે પ્રેરણા લેવા જેવી બાબત.

અત્યારે વર્ગખંડમાં અપાતું શિક્ષણ મોટા ભાગે ચોક અને ટોક દ્વારા અપાય છે. શિક્ષક પોતે કોઈ બાબત કે મુદ્દાની રજૂઆત માત્ર બોલીને કરે છે, જ્યાં વિદ્યાર્થીઓ માત્ર શ્રોતા બનીને સાંભળે છે. જેને શિક્ષણમાં વ્યાખ્યાન પદ્ધતિ કે કથન પ્રયુક્તિ કહે છે. અહી શિક્ષકનું કામ બોલવાનું અને વિદ્યાર્થીનું કામ માત્ર સાંભળવાનું. અહી એક પ્રશ્ન પણ થાય કે વિદ્યાર્થીઓને સાંભળેલામાંથી કેટલું સમજાયું હશે અને કેટલું યાદ રહેશે… એતો રામ જાણે. શિક્ષકને તો ખબર જ હોતી નથી. આજે વર્ગખંડમાં મોટાભાગના વિષયો શીખવવામાં મોટા ભાગે શિક્ષકો વ્યાખ્યાન પદ્ધતિનો જ ઉપયોગ કરે છે. કારણ કે તે ખૂબ જ સહેલી છે, જેમાં શિક્ષક પક્ષે કોઈ જ વધુ મહેનત કરવાની હોતી નથી. આવું વર્ષોથી ચાલ્યું આવે છે. અને કદાચ ચાલતું જ રહેશે. ત્યારે પેલા કથાકાર સંતની યાદ આવે છે કે, વાહ !.. તેઓ કેટલા નિષ્ઠાવાન ! કેટલા મહેનતુ ! કેટલા મનોવિજ્ઞાની ! કે જેઓ પોતાની કથામાં વિડિયોનો ઉપયોગ કરે છે ! જયારે મોટાભાગના શિક્ષકો આ પ્રયુક્તિનો ઉપયોગ વર્ગખંડમાં કરતા નથી !

શિક્ષણ દરમિયાન વિડિયોનો ઉપયોગ કરવામાં આવે તો વિદ્યાથીઓને અનેક ફાયદા થાય છે. જેમકે, તેઓ દૃશ્ય અને શ્રાવ્ય બંને માધ્યમ દ્વારા શીખે છે. જેના કારણે તેઓ સરળતાથી સમજે છે અને લાંબો સમય સુધી તેમને યાદ રહે છે. આપણને અત્યારે રેડિયો કરતા ટી.વી. જોવું વધારે ગમે છે તેમ વિદ્યાર્થીઓને પણ માત્ર સાંભળીને ભણ્યા કરતા સાંભળવાની સાથે જોઇને જ શીખવામાં રસ છે. કેટલીક બાબતો એવી હોય છે કે, જે માત્ર બોલીને સમજાવી ન જ શકાય. લાખ પ્રયત્ન કરો છતાં પણ નિષ્ફળતા જ મળે. પણ જો દૃશ્ય-શ્રાવ્ય માધ્યમનો ઉપયોગ કર્યો હોય તો એક જ મિનિટમાં કામ પતી જાય. દા.ત. વર્ગખંડમાં ભાષાના શિક્ષક કોઈ કાવ્ય શીખવાડી રહ્યા હોય અને તેમાં ‘ દરિયાનો ઘૂઘવતો અવાજ’ એક પંક્તિમાં આવે છે. હવે વિચારો કે, આ ‘ઘૂઘવતો અવાજ’ શિક્ષક બોલીને કેવી રીતે સમજાવી શકે ? તે માટે શિક્ષક રેડિયો પર અવાજ સંભળાવે તો થોડી સમજ પડે. પરંતુ જો વિડીયો દ્વારા દરિયો બતાવે, દરિયામાં મોજા આવતા હોય. દરિયો તોફાને ચડેલો હોય અને ત્યારે દરિયાનો ‘ઘૂઘવતો અવાજ’ આવે તે સંભળાવે તો વિદ્યાર્થીઓને ખૂબ જ મજા પડે અને સમજ પણ પડે. કેટલીક સંકલ્પના સમજાવવા માટે માત્ર શબ્દોનો સહારો લેવામાં આવે તો ક્યારેક

વિદ્યાર્થીના મનમાં ખોટી કલ્પનાને કારણે ખોટી સંકલ્પના ઊભી થાય છે. માટે જ વર્ગખંડમાં શક્ય તેટલા પ્રમાણમાં વિડિયોનો ઉપયોગ કરવામાં આવે તે શિક્ષણના હિતમાં છે**. વિડીયો દ્વારા આખી દુનિયાને વર્ગમાં લાવી શકાય. વિવિધ પ્રદેશો કે બાબતો સુધી આપણે વિદ્યાર્થીને લઇ જઈ શકવાના નથી. પણ વીડિયોના માધ્યમથી તે પ્રદેશો કે બાબતોને વર્ગખંડમાં ચોક્કસ પણે લાવી શકીશું**.

શિક્ષક મિત્રોએ એક બાબત ખાસ વિચારવા જેવી છે કે, સંતો કે કથાકારો વિડિયોનો ઉપયોગ શા માટે કરવા લાગ્યા. ઉપરાંત કથાકાર સામે બેસનાર લોકો મોટી ઉમરના હોય છે, માત્ર બોલીને પણ સમજાવી શકાય. છતાં વિડિયોનો ઉપયોગ કરવા લાગ્યા. એટલું જ નહિ કથાકારો એવું તો શું કરે છે કે તેમને સાંભળવા માટે લોકોનો સમૂહ એકઠો થાય છે? મિત્રો. કથાકારો પોતાના વિષયવસ્તુની સાથે વિવિધ પ્રકારના ઉદાહરણો આપે છે. સાથે સાથે ક્યાંક હાસ્ય કરાવે તો ક્યારેક સંગીતનો ઉપયોગ કરે તો ક્યારેક વિવિધ સંવેદના પણ જગાડે છે. આ બધી બાબતો શ્રોતાઓને પકડી રાખે છે. આપણે શિક્ષકોએ એવું શું કરવું જોઈએ જેથી વિદ્યાર્થીઓ પણ જકડીને રસપૂર્વક બેસી રહે. નવાઈ તો એ વાતની લાગે છે કે, એક જ કથા – સ્ટોરી – વાત હોવા છતાં કથાકાર વિવિધ રીતે પિરશે છે કે શ્રોતાઓને દરેક વખતે નવું જ લાગે છે અને મજા આવે છે. શું આપણે વર્ગખંડમાં આવું ના કરી શકીએ ? આપણે ત્યાં તો કેટલાક અધ્યાપકો માટે એવું કહેવાય છે કે, નોકરીના શરૂઆતના વર્ષોમાં બનાવેલી નોટ અભ્યાસક્રમ બદલાય ત્યારે જ બદલાય છે. દર વર્ષે એકની એક જ નોટમાંથી એક જ પ્રકારનું શીખવવાનું. ત્યારે જવાબ મળે છે કે, નોટ ભલે જૂની હોય પણ વિદ્યાર્થીઓ તો નવા હોય છે ને? ત્યારે પેલા કથાકારો પાસેથી પ્રેરણા એ લેવાની છે કે, એમની પાસે પણ વિષયવસ્તુ – કથા એક જ હોય છે, પ્રેક્ષકો જુદાજુદા હોય છે છતાં તેઓ વિવિધતા સાથે વિષયવસ્તુ એવી રીતે પીરશે છે કે શ્રોતાઓને દરેક વખતે નવું અને રસમય લાગે છે. એટલું જ નહિ કથાકાર જે મુદ્દો કહેવાના હોય છે તેની સ્ટોરી શ્રોતાઓને ખબર હોય છે, છતાં તેમને નવું લાગે છે. માટે જ કથાકારની કથાના અંતે ઘણાં શ્રોતાઓ કોઈને કોઈ ચોક્કસ સંકલ્પ લેતા હોય છે. અહી શ્રોતા કે કથાકાર એકબીજાને ઓળખતા પણ નથી હોતા. જયારે વર્ગખંડમાં શિક્ષક એકની એક વાત અનેકવાર વિદ્યાર્થીને શિખામણ રૂપે આપે છે, છતાં વિદ્યાર્થીઓ કેમ માનતા નથી કે કોઈ સંકલ્પ કરતા નથી? કથા સાંભળનાર અનેક મુશ્કેલી વેઠીને પોતાના ખર્ચે આવે છે, ક્યારેક બેસવાની યોગ્ય જગ્યા ન પણ મળે વગેરે. જયારે વિદ્યાર્થીને આ રીતે વર્ગ સુધી ખેચી લાવવો હોય તો આપણે શું કરવું જોઈએ ? આપણે શિક્ષકો વર્ગના ૫૦-૬૦ બાળકોને પૂરતો રસ પીરસી શકતા નથી, ત્યારે આ કથાકારો ૫૦૦૦-૬૦૦૦ જેટલા લોકોને રસમય બનાવી શકે છે તો તેમનામાં એવી કઈ ખાસિયતો છે તે અંગે આપણે સૌએ વિચારીને પ્રેરણા લઈને તેનો ઉપયોગ વર્ગખંડમાં કરવા જેવું નથી લાગતું ?

સ્માર્ટફોન વાપરતા આજના વિદ્યાર્થીને સ્માર્ટ શિક્ષક જોઈએ છે. તેને માત્ર સાંભળવામાં રસ નથી. ત્યારે આપણે સૌએ આપણી જાતને એક પ્રશ્ન પૂછવા જેવો છે કે, શું આપણેસ્માર્ટ શિક્ષક છીએ ? આજે કથાકારો વધારે એડવાન્સ છે કે શિક્ષક ? આપણે ક્થાકારોમાંથી પ્રેરણા લઈએ અને વિદ્યાર્થીઓને વિવિધ રીતનો ઉપયોગ કરી રસમય બનાવીને શીખવીએ.